# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 01-05-2025** **Evening : 7.10 to 7.20**
**Day : Thursday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **ચૈતાલી જોશી** વાંચે છે.

---

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ જણાવ્યું- વૈશ્વિક સર્જનાત્મકતાની આગેવાની લેવા ભારત માટે આ ઉત્તમ સમય છે.-વેવ્ઝ 2025 નો આજથી આરંભ

2) વિકસિત ગુજરાતની નેમ સાથે મુખ્યમંત્રીની ઉપસ્થિતિમાં ગોધરામાં ગુજરાતનાં સ્થાપના દિવસની ઉજવણી

3) બુથ સ્તરના અધિકારીઓની ઓળખ પ્રસ્થાપિત કરવા અને મતદારોને અનુકુળ મતદાર કાપલી બનાવવા ચૂંટણી પંચની ત્રણ નવી પહેલ

4) રાજ્યના ગ્રામ્ય હસ્તકલા-હાથશાળના 8 હજારથી વધુ કારીગરોને આ વર્ષે 20 કરોડથી વધુની આવક થઈ

5) ખેલ મહાકુંભ અંતર્ગત પુરુષોની અંડર 17 અને અંડર 14 હોકી સ્પર્ધામાં અરવલ્લી જિલ્લાએ સુવર્ણ ચંદ્રક મેળવ્યો

---

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ 7 વાગીને 50 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.)

# PM-WAVES

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ જણાવ્યું છે કે વૈશ્વિક સર્જનાત્મકતાની આગેવાની લેવા ભારત માટે આ ઉત્તમ સમય છે.

મુંબઈમાં જિયો વર્લ્ડ સેન્ટર ખાતે વિશ્વ દ્રશ્ય શ્રાવ્ય અને મનોરંજન શિખર સંમેલન-વેવ્સ 2025નું ઉદ્ઘાટન કર્યા બાદ પ્રધાનમંત્રીએ આ સંમેલનને સંસ્કૃતિ, સર્જનાત્મકતા અને વૈશ્વિક જોડાણનું મોજું ગણાવ્યું.

**(BYTE: PM CULTURE CREATIVITY )**

ભારતનાં સર્જનાત્મક અર્થતંત્રમાં રહેલી પ્રચંડ સંભાવનાઓ પર ભાર મૂકતા પ્રધાનમંત્રીએ જણાવ્યું કે,  વૈશ્વિક એનિમેશન બજારમાં વિશાળ સંભાવના છે, જેનું મૂલ્ય હાલમાં 430 અબજ ડોલરથી વધુ છે અને આગામી દાયકામાં તે બમણું થવાની ધારણા છે.

આ ચાર દિવસીય સમ્મેલનમાં 90 થી વધુ દેશોના સર્જકો, ઉદ્યોગ નેતાઓ, સ્ટાર્ટઅપ ઉદ્યોગસાહસિકો સહિતના દસ હજારથી વધુ પ્રતિનિધિઓ ભાગ લઈ રહ્યા છે.

# CM PANCHMAHAL

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની ઉપસ્થિતિમાં ગુજરાતનાં સ્થાપના દિવસની રાજ્ય કક્ષાની ઉજવણી આજે પંચમહાલ જિલ્લાના ગોધરામાં કરવામાં આવી. આ કાર્યક્રમમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે 644 કરોડ રૂપિયાથી વધુના 85 જેટલા વિકાસ કામોનું ઈ-લોકાર્પણ અને ઈ- ખાતમુહૂર્ત કર્યું હતું.

આ પ્રસંગે સંબોધન કરતાં, મુખ્યમંત્રીએ કહ્યું કે, ગુજરાતે આજે તમામ ક્ષેત્રોમાં વિકાસના નવા સિમાચિન્હો સ્થાપિત કર્યા છે. રાજ્યમાં આરોગ્ય, શિક્ષણ, પીવાના પાણી, માર્ગો, વીજળીની સુદ્રઢ વ્યવસ્થા કરવામાં આવી છે. માળખાકીય સુવિધા વિકસાવવા માટે સરકારની પ્રતિબદ્ધતા દોહરાવતા તેમણે કહ્યું કે, રાજ્યના 12 માર્ગોને ગરવી ગુજરાત હાઈસ્પીડ કોરિડોર બનાવવામાં આવશે.

**(બાઇટ: ભૂપેન્દ્ર પટેલ, મુખ્યમંત્રી)**

આજે શરૂ કરાયેલા વિકાસ કામો અંગે સાંભળીએ અમારા પંચમહાલ જિલ્લાના પ્રતિનિધિનો અહેવાલ.

*મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે આજે ગોધરામાં પંચમહાલ જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ., પંચામૃત ડેરીમાં 285 કરોડ રૂપિયાના યુ.એચ.ટી. મિલ્ક પ્લાન્ટનું ખાતમુહૂર્ત પણ કર્યું હતું વિશ્વકક્ષાના પ્રોસેસિંગ પ્લાન્ટથી દૂધ ઉત્પાદકો તથા ખેડૂતોની આવકમાં વધારો થશે. આ ઉપરાંત તેમણે 5 કરોડ રૂપિયાથી વધુના ખર્ચે નિર્માણ થયેલ પોલીસ મહાનિરીક્ષકની કચેરીનું લોકાર્પણ કર્યું હતું. શ્રી પટેલે ગુજરાત પોલીસ એક્સ્પો-2025 અંતર્ગત યોજાયેલ શસ્ત્ર પ્રદર્શનની પણ મુલાકાત લીધી હતી. સ્થાપના દિવસની ઉજવણીના ભાગરૂપે આજે સાંજે રાજયપાલ આચાર્ય દેવવ્રતની ઉપસ્થિતિમાં રંગારંગ સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાઇ રહ્યા છે*

દરમિયાન સ્થાપના દિવસની ઉજવણીના ભાગરૂપે આચાર્ય દેવવ્રતની ઉપસ્થિતિમાં સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે.

# GUJARAT DAY CELEBRATION

સમગ્ર રાજ્યમાં આજે ગુજરાતનાં સ્થાપના દિનની ગૌરવભેર ઉજવણી કરાઇ. નવસારી જિલ્લાના ગણદેવી તાલુકાના ધનોરી ગામની પ્રાથમિક શાળામાં સ્થાપના દિનની ઉજવણી અંતર્ગત વિદ્યાર્થીઓ દ્વારા ગુજરાતની ઝાંખી કરાવતી સાંસ્કૃતિક કૃતિઓ રજૂ કરાઇ. પાટણના રિજનલ સાયન્સ સેન્ટર ખાતે ગુજરાતના સ્થાપના દિન નિમિત્તે સમર સાયન્સ કેમ્પનું આયોજન કરાયું. જેમાં વિવિધ શાળાના વિદ્યાર્થીઓને વૈજ્ઞાનિક પ્રવૃતિઓ વિશે જાણકારી આપવામાં આવી હતી. તો બીજીતરફ સામાજિક વનીકરણ વિભાગ દ્વારા ભરૂચના અંકલેશ્વરના જુના સુરવાડી ગામમાં "વન કવચ, લોકાર્પણ કરાયું. દરમિયાન આણંદ જિલ્લાના બોચાસણમાં પુજ્ય રવિશંકર મહારાજના જીવન અને કાર્ય સંભારણાં કાર્યક્રમ યોજાયો, જેમાં બોરસદના ધારાસભ્ય અને સાંસદ સહિતના મહાનુભાવો ઉપસ્થિતિ રહ્યા.

# EC INITIATIVES

ચૂંટણી પંચે ક્ષતિરહિત મતદાર યાદી તૈયાર કરવા, બુથ સ્તરના અધિકારીઓની ઓળખ પ્રસ્થાપિત કરવા અને મતદારોને અનુકુળ મતદાર કાપલી બનાવવા ત્રણ નવી પહેલ શરૂ કરી છે.ચૂંટણી પંચ મૃત્યુ નોંધણીની વિગતો ભારતના રજીસ્ટ્રાર જનરલ પાસેથી મેળવશે. મતદાર યાદીમાં પોતાનું નામ શોધવામાં સરળતા રહે તે માટે મતદારકાપલીની ડિઝાઈનમાં ફેરફાર કરાશે. જેમાં મતદારનો સીરિયલ નંબર અને પાર્ટ નંબરને વધુ મોટા ફોન્ટમાં સ્પષ્ટ રીતે દર્શાવવામાં આવશે. જ્યારે મતદાર નોંધણી અધિકારી દ્વારા નિયુક્ત પ્રત્યેક બૂથ લેવલ ઑફિસર્સને ફોટો ઓળખપત્ર આપવામાં આવશે.

# MID BREAK- NEWS- REGIONAL

**આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલોં કરશો.**

(ગોન્ગ મ્યુઝિક)

# KUTCH BANGLADESHI

કચ્છ જિલ્લાના મુન્દ્રાના સુખપરવાસમાંથી આજે ૪ બાંગ્લાદેશી નાગરિકો ઝડપાયા છે. સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ દ્વારા ઔધોગિક વસાહતો, મજુર વસાહતો, હોટલ-ઢાબા, પર ચેકીંગ કરી ગેરકાયદેસર રીતે વસવાટ કરતાં બાંગ્લાદેશી નાગરિકો શોધવાની કાર્યવાહી ચાલી રહી છે. ઉલ્લેખનીય છે કે ૪ પૈકી 5 લોકો કચ્છમાં રહેતા હતા જ્યારે બાકીના ૩ અમદાવાદના ચંડોળા તળાવ પાસે રહેતા હતા જે કચ્છથી ઝડપાયા છે.

# AHM AMBERGRIS

અમદાવાદ શહેર ગુના શાખાએ  વ્હેલ માછલીની વોમીટ એટલે કે એમ્બરગ્રીસનાં બે કરોડથી વધુ મૂલ્ય ધરાવતા જથ્થા સાથે ચાર લોકોને ઝડપી પાડયા છે. અમદાવાદના અમારા પ્રતિનિધિ જણાવે છે કે આમીર મનસુરી નામનો યુવક સુરતથી અમદાવાદ ખાતે એમ્બરગ્રીસના વેચાણ અર્થે આવ્યો હતો, જેને બાતમીના આધારે પોલીસ પકડી પાડ્યો હતો. વધુ તપાસ કરતાં એમ્બરગ્રીસનો જથ્થો સુરતમાં રહેતા ઉસમાન શેખે મોકલ્યો હોવાનું બહાર આવતા પોલીસે સુરત ખાતે દરોડો પાડી બે કરોડ નેવુ લાખ ચાલીસ હજાર રૂપિયાનો બે કિલોથી વધુનો એમ્બરગ્રીસનો જથ્થો જપ્ત કર્યો હતો વધુ તપાસ કરતાં અન્ય બે લોકોને પણ ઝડપી પાડવામાં આવી હતા.

# BANASKANTHA KHANIJ CHORI

બનાસકાંઠા ભૂસ્તર વિભાગે એક મહિનામાં 2 કરોડ રૂપિયાથી વધુની ખનીજ ચોરી ઝડપી છે. ભૂસ્તર વિભાગે ગયા મહિનામાં 2025 દરમિયાન 81 કેસ કરીને કાર્યવાહી કરી છે. ગયા એક વર્ષમાં ભુસ્તર વિભાગે 105 કરોડ 26 લાખ રૂપિયાની આવક પ્રાપ્ત કરી હતી. આ સાથે ખનીજ ચોરીના 704 કેસો કરી 12 કરોડ 30 લાખ રૂપિયાનો દંડ પણ વસૂલ કર્યો હતો.

# SURENDARNAGAR-DEMOLISHATION

રાજ્યભરમાં ગેરકાયદેસર દબાણો હટાવવાની કામગીરી ચાલી રહી છે. સુરેન્દ્રનગર જિલ્લાના જોરાવરનગર પોલીસ વિસ્તારમાં સીટી મામલતદાર, મહાનગરપાલિકા અને પોલીસ સ્ટાફ દ્વારા ચાર જેટલા ગેરકાયદેસર દબાણ હટાવાયા છે. પોલીસ મથકમાં ગુનાહિત ઈતિહાસ ધરાવતા શખ્સો સામે કાર્યવાહી પણ કરવામાં આવી છે.

# INS SURAT

ભારતીય નૌકાદળનું આધુનિક યુદ્ધજહાજ 'INS સુરત' આજે હજીરા બંદરે આવી પહોંચ્યું છે. આ જહાજ ગુજરાતમાં બે દિવસ રોકાશે.

આધુનિક ટેક્નોલોજીથી સજ્જ આ જહાજ ગત 15 જાન્યુઆરીએ રાષ્ટ્રને સમર્પિત કરાયું હતું  સુરતના નૌકા વેપારના વારસાને સન્માન આપતા જહાજને ‘INS સુરત’ નામ અપાયું છે.

રાજ્યસભાના સાંસદ ગોવિંદ ધોળકિયાએ, " આ જહાજ દેશનું ગૌરવ અને સન્માન હોવાનું જણાવ્યું હતું.

**(બાઇટ: ગોવિંદ ધોળકિયા)**

# HANDICRAFT

રાજ્યના ગ્રામ્ય હસ્તકલા-હાથશાળના 8 હજારથી વધુ કારીગરોને આ વર્ષે 20 કરોડ 89 લાખ રૂપિયાની આવક થઈ છે. રાજ્યમાં સતત બીજા વર્ષે હસ્તકલા-હાથશાળ ઉત્પાદનોનું 31 કરોડ 47 લાખ રૂપિયાનું વેચાણ થયું છે. ગુજરાત રાજ્ય હાથશાળ અને હસ્તકલા વિકાસ નિગમ સાથે રાજ્યના આશરે 8 હજાર કરતા પણ વધુ કારીગરો જોડાયેલા છે. નિગમે આ ઉત્પાદનોની ખરીદી કરી પોતાના રાજ્ય અને રાજ્યની બહાર આવેલ વેચાણ કેન્દ્રો થકી 14 કરોડ 46 લાખ રૂપિયાના ઉત્પાદનોનું વેચાણ કર્યું છે.

# WEATHER

આગામી બે દિવસ બાદ રાજ્યમાં કમોસમી વરસાદની આગાહી છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર બે દિવસ બાદ મહતમ તાપમાનમાં 2 થી 4 ડિગ્રીનો ઘટાડો થશે. 3 થી 7 મે દરમિયાન રાજ્યના જુદા જુદા વિસ્તારમાં વીજળી સાથે હળવાથી મધ્યમ વરસાદ અને 30 થી 40 કિલોમીટરની ઝડપે પવન ફૂંકાશે.

દરમિયાન છેલ્લા 24 કલાકમાં રાજ્યમાં કંડલા એરપોર્ટ અને રાજકોટ ખાતે 45 ડિગ્રી સેલ્સિયસ મહત્તમ તાપમાન નોંધાયું હતું. જ્યારે અમરેલીમાં 44 ડિગ્રી અને અમદાવાદ તેમજ ગાંધીનગરમાં 43 ડિગ્રી સેલ્સિયસ મહત્તમ તાપમાન નોંધાયું હતું.

# ARAVALLI KHELMAHAKUMBH

ખેલ મહાકુંભમાં યોજાયેલી 17 અને 14 વર્ષથી ઓછી વયજૂથના પુરુષોની હોકી સ્પર્ધામાં અરવલ્લી જિલ્લાની ટીમે સુવર્ણ ચંદ્રક મેળવ્યો છે.

પુરુષોની અંડર 14 સ્પર્ધામાં મોડાસા અને લીંબડી ડી.એલ.એસ.એસ શાળા વચ્ચે યોજાયેલી ફાઈનલમાં બંને ટીમ 3-3 ગોલ કરતાં મેચ ડ્રો થઈ હતી, ત્યારે પેનલ્ટી શૂટ આઉટમાં ગોલ કરી મોડાસાની ટીમ ૧-0 થી વિજેતા થઇ સુવર્ણ ચંદ્રક મેળવ્યો હતો. જ્યારે લીંબડીની ટીમે રજત ચંદ્રક પ્રાપ્ત કર્યો હતો. એવી જ રીતે, અંડર 17 સ્પર્ધામાં અરવલ્લીની ટીમે સુવર્ણ ચંદ્રક, સુરેન્દ્રનગરની ટીમે રજત અને અમરેલીની ટીમે કાંસ્ય ચંદ્રક મેળવ્યો છે.

વિજેતા થયેલી ટીમને રાજ્ય સરકાર દ્વારા મેડલ , પ્રમાણપત્ર, રોકડ પુયરસ્કાર અને ટ્રેકસૂટ કીટ આપવામાં આવશે.